# ૧૨ સપ્ટેમ્બર –૨૦૧૬ (સોમવાર)

**(૧) ભારત–અમેરિકા યુદ્ધાભ્યાસ :**

- ભારત અને અમેરિકા વચ્ચે થયેલા સંરક્ષણ ક્ષેત્રના કરારના એક ભાગરૂપે આગામી ૧૪ સપ્ટેમ્બરથી સંયુક્ત યુદ્ધ અભ્યાસ થશે.
- ૧૪ દિવસ ચાલનારી આ કવાયત ઉત્તરાખંડના હિમાલયની તળેટીમાં આવેલા ચૌબાતિયામાં યોજાશે.
- બંને દેશોના ૨૨૫–૨૨૫ સૈનિકો કવાયતમાં ભાગ લેશે.
- બંને દેશો દ્વારા વારા ફરતી યોજવામાં આવતી કવાયતનો આ ૧૨મો અધ્યાય હશે.
- એક્સરસાઇઝ યુદ્ધ અભ્યાસ–૨૦૧૬ એક સંયુક્ત કવાયત છે જેમાં બંને દેશો સંયુક્ત રાષ્ટ્ર સંઘના નેજા હેઠળ પહાડોમાં આતંકવાદ વિરોધી ઓપરેશનમાં કામ કરશે.

**(૨) સેતુરમણ – ચેસ :**

- હાલમાં અઝરબૈજાનના બાકુમાં ચેસ ઓલિમ્પિકગાડ ચાલી રહી છે.
- આ ઓલિમ્પિયાડમાં ભારતની ટીમે શાનદાર દેખાવ કરી હાલમાં ભારત, અમેરિકા અને યુક્રેન સંયુક્તપણે ટોંચના સ્થાને છે.
- ભારતના ગ્રાન્ડ માસ્ટર સેતુરમણે ભારતને ટોંચ પર પહોંચાડવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે.

**(૩) યુએસ ઓપન – ટેનિસ :**

- વર્ષના અંતિમ ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપનના સમાપન સાથે વિજેતાઓના નામ નીચે મુજબ છે.
- મહિલા સિંગલસ :

  – જર્મનીની ટેનિસ ખેલાડી એન્જેલિક કાર્બેર યુએસ ઓપનની મહિલા સિંગલસમાં ચેમ્પિયન બની.

  – ફાઇનલમાં તેણે ચેકરિપબ્લિકની પલસકોવાને પરાજય આપ્યો.

  – આ સાથે કાર્બેરે ટાઇટલ જીતવા ઉપરાંત ડબલ્યુટીએ વર્લ્ડ રેન્કિંગમાં નંબર–૧નો તાજ પણ હાંસલ કર્યો.

  – ૨૦૧૬ ના વર્ષની શરૂઆતમાં કાર્બેરે ૧૦ માં સ્થાને હતીફ

  – કાર્બેરે કારકીર્દિનું પ્રથમ યુએસ ઓપન અને બીજું ગ્રાન્ડ સ્લેમ જીત્યું.

પુરૂષ સિંગલ્સ :

- સ્વિટ્ઝર્લેન્ડના સ્ટેનિસલાસ વાવરિંકા યુએસ ઓપનની પુરૂષ સિંગ્લસમાં ચેમ્પિયન બન્યો.
- ફાઇનલમાં વાવરિંકાએ નંબર વન ટેનિસ ખેલાડી નોવાક જોકોવીચને પરાજય આપ્યો.
- વાવરિંકાએ યુએસ ઓપનનું પ્રથમ અને કારકીર્દિનું ત્રીજું ટાઇટલ જીત્યું.

મિક્સ ડબલ્સ :

- યાવીચ અને સિગ્મુન્ડે યુએસ ઓપનની મિક્સ ડબલ્સનું ટાઇટલ જીત્યું હતું.

મહિલા ડબલ્સ :

- અમેરિકાની બેથેની મેટકે સેન્ડ્સ તથા ચેક રિપબ્લિકની લ્યુસી સાફારોવાએ યુએસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ ડબલ્સનું ટાઇટલ જીત્યું હતું.

પુરૂષ ડબલ્સ :

- બ્રિટનના જેમી મરે તથા બ્રાઝિલના બ્રૂનો સોરેસની જોડીએ યુએસ ઓપન મેન્સ ડબલ્સની ફાઇનલ મેચ પોતાના નામે કરી.

પ્રશ્નો :

(૧) સપ્ટેમ્બર, ૨૦૧૬માં કયાં બે દેશ વચ્ચે યુદ્ધાભ્યાસ થશે ?
– ભારત – અમેરિકા

(૨) ભારતના સેતુરમણ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
– ચેસ

(૩) ભારત–અમેરિકા સંયુક્ત યુદ્ધાભ્યાસ કયાં રાજ્યમાં કરશે ?
– ઉત્તરાખંડ

(૪) ટેનિસ જગતમાં વર્ષનું અંતિમ ગ્રાન્ડસ્લેમ કયું હોય છે ?
– યુએસ ઓપન

(૫) યુએસ ઓપન મહિલા સિંગ્લ્સ વિજેતા ?
– એન્જેલિક કાર્બર

(૬) યુએસ ઓપન મહિલા સિંગલ્સ રનર અપ ?
– ટલીસકોવા

(૭) યુએસ ઓપન પુરૂષ સિંગલસ રનર અપ ?
– સ્ટેનીસલાસ વાવરિંકા

(૮) યુએસ ઓપન પુરૂષ સિંગલ્સ રનર અપ ?
– નોવાક જોકોવીચ

(૯) યુએસ ઓપન મહિલા ડબલ્સ વિજેતા ?
– બેથેની મેટેક અને લ્યુસી સાફારોવા

(૧૦) યુએસ ઓપન પુરૂષ ડબલ્સ વિજેતા ?
– જેમી મરે તથા બ્રૂનો સોરેસ

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧